શહેર-જિલ્લામાં કોરોનાનો વિસ્ફોટ : ૮૯ કેસ નોંધાયા

જિલ્લામાં ત્રીજીવાર કોરોનાના કેસમાં ઉછાળો જોવા મળ્યો : જિલ્લામાં પરિસ્થિતિ વણસતાં તંત્રમાં દોડધામ વધી ગઈ

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે સતત ત્રીજે દિવસે પણ કોરોનાએ નવો રેકર્ડ કર્યો છે. આજે ૮૯ લોકો કોરોના પોઝીટીવ મળી આવ્યા છે. જે અત્યાર સુધીમાં એક જ દિવસે નોંધાયેલા કેસોમાં સૌથી વધુ છે. પાટનગરમાં અને ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ સતત વધી રહ્યુ છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે. કોરોનાને કારણે મૃત્યુદરમાં પણ વધારો થઈ રહ્યો છે.

રાજ્ય સરકારે આજે જાહેર કરેલ વિગતો મુજબ ગાંધીનગર શહેરમાં ૫૩ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૬ કેસ નોંધાયા છે. પાટનગરમાં સતત સંક્રમણના કેસો વધતાં તંત્ર દ્વારા આગામી દિવસોમાં કડક પગલાં લેવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે. જો કે સ્થાનિક તંત્રએ શહેરમાં ૩૩ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ કેસ નોંધાયા હોવાનું જણાવ્યુ છે. શહેર-જિલ્લામાં થઈ આજે ૩૦૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. તંત્ર દ્વારા પરિસ્થિતિને પહોંચી વળવા માટે સતત મીટીંગોનો દોર ચાલી રહ્યો છે. મળતી વિગતો મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હવે કોરોનાના દર્દીઓને માટે પાંચમા માળે જગ્યા ફાળવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં કોરોનાના કેસોમાં આ ત્રીજો પીક જોવા મળ્યો છે. માર્ચ માસમાં ગાંધીનગરમાં પહેલો કેસ માર્ચ મહિનામાં નોંધાયો હતો. જો કે આ પછી પહેલો પીક એપ્રિલ-મે માસ દરમ્યાન જોવા મળ્યો હતો. આ પછી બીજો પીક જુલાઈ-ઓગષ્ટ માસમાં જોવા મળ્યો હતો. જો કે આ ઉછાળો પણ થોડા સમય બાદ કેસો ઘટવા લાગ્યા હતા. હવે નવેમ્બર માસમાં આ ત્રીજો પીક કોરોનામાં જોવા મળ્યો છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાથી સંક્રમિત થયેલા દર્દીઓનો મૃત્યુદર પણ વધવા પામ્યો છે. લોકજીભે થતી ચર્ચા મુજબ રાજ્યની સરેરાશ કરતાં પણ અહિ વધારે મૃત્યુદર જોવા મળી રહ્યો છે. જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૬ હજારના આંકને વટાવી ગયેલ છે. જિલ્લામાં અને શહેરમાં ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટમેન્ટની આક્રમક રણનીતિ કારગત નીવડી નથી એવુ ચિત્ર ઉપસી રહ્યુ છે.

શહેરમાં કોરોના બેકાબુ : ૩૩ કેસ નોંધાયા

શહેરમાં આજે સે. ૭ અને સે. ૨૨ માં ૪-૪ કેસ તો સે. ૨૮ અને સે. ૨૬ માં 3-3 કેસ તેમજ સે. ૨૯, સે. 3, સે. ૬, સે. ૨, સે. 30 અને સે. ૧૩ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૪, સે. ૩-એ-ન્યુ, સે. ૨૫, સે. ૫, સે. ૨૭, સે. ૨૦ અને સે. ૧૪માંથી પણ કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં કોરોનાનું આજે વરવુ ચિત્ર ઉપસ્યુ છે. શહેરમાં એક જ દિવસમાં ૩૩ કેસ નોંધાયાનું મનપાના તંત્રએ કહ્યુ છે જ્યારે સરકારે ૫૩ કેસ નોંધાયાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા વિક્રમી કેસને પગલે તંત્રમાં પણ સન્નાટો વ્યાપેલો જોવા મળતો હતો. શહેરમાં છેલ્લા થોડાક સમયથી કેસમાં સતત વધારો જોવા મળતો હતો જેમાં આજે ઉછાળો આવ્યો છે. છેલ્લા ૩ દિવસમાં જ ૯૧ કેસ નોંધાયા છે.

શહેરમાં દિપાવલી પર્વ પછી કેસોની સંખ્યામાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. આજે પણ સંક્રમિતોની યાદીમાં ૧૩ થી વધુ મહિલા દર્દીઓ અને મોટી વય ધરાવતા દર્દીઓની સંખ્યા વધુ જોવા મળી છે જેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સે. ૭ અને સે. ૨૨ માં ૪-૪ કેસ તો સે. ૨૮ અને સે. ૨૬ માં ૩-૩ કેસ તેમજ સે. ૨૯, સે. ૩, સે. ૬, સે. ૨, સે. ૩૦ અને સે. ૧૩ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૪, સે. ૩-એ-ન્યુ, સે. ૨૫, સે. ૫, સે. ૨૭, સે. ૨૦ અને સે. ૧૪માંથી પણ કેસો મળી આવ્યા છે.

શહેરના દરેક ખૂણેથી કેસો મળી આવ્યા છે. આજે પણ મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૭ માંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. સે. ૭ કોરોના માટે અતિ સંવેદનશીલ બની ગયુ છે. સે. ૭ માં રહેતા અને ઈડીઆઈમાં એકાઉન્ટ મેનેજર તરીકે ફરજો બજાવતા ૪૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૭ માંથી ૭૫ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત અન્ય એક ૭૫ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૬૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે એસ.એમ.વે.એસ.માં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૪ માં રહેતી અને સે. ૨૩ ની સરકારી શાળામાં ફરજો બજાવતી ૪૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૯ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૯ માં રહેતા અને જીઈબીમાં વાયરમેન તરીકે ફરજો બજાવતા ૪૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૭૫ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૩ માંથી આજે બે કેસ મળી આવેલ છે. નવા સચિવાલયમાં એચ.પી.એમ. જી.માં ફરજો બજાવતા ૩૨ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૭૫ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૬ માંથી આજે બે કેસ મળી આવેલ છે. જુના સચિવાલયમાં આરોગ્ય કમિશનરની કચેરીમાં ફરજો બજાવતા ૩૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે કોલવડા કેર સેન્ટરમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૭૨ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૨ માંથી પણ આજે બે કેસ મળી આવેલ છે. ખાનગી કંપનીમાં નોકરી કરતા ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૩૪ વર્ષીય સેલ્સમેન તરીકે નોકરી કરતા યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં યુવકને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૮ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. એમ.બી. પટેલ સ્કૂલમાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતા ૫૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આરાધના સ્કૂલમાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતા ૫૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સચિવાલયમાં સેવક તરીકે ફરજો બજાવતા ૪૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૨ માં આજે કોરોનાના વધુ ૪ કેસ મળી આવ્યા છે. સે. ૨૨ પણ હવે કોરોના માટે સંવેદનશીલ બની રહ્યુ છે. ૪૭ વર્ષીય મેડીકલ સ્ટોર્સના વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૬૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૮૭ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત અમદાવાદ ખાતે વેપાર કરતા ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૩-એ-ન્યુ માંથી ૬૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૬ માંથી આજે ૩ કેસ મળી આવેલ છે. ૩૪ વર્ષીય ગૃહીણી તેમજ ૬ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માતા-દિકરી ઉપરાંત ચૌધરી સ્કૂલમાં ફરજો બજાવતી ૫૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૩૦ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં ફરજો બજાવતા ૨૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સિસ્ટમ મેનેજર તરીકે સરકારના આઈ.ટી. પ્રભાગમાં ફરજો બજાવતા ૫૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૫ માં રહેતી અને ઈન્ડિયન બેંકની વલાદ શાખામાં ફરજો બજાવતી ૪૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૫ માં રહેતા ડી.એસ.પી. કચેરીમાં ફરજો બજાવતા ૪૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૭ માં રહેતા અને ટ્રાન્સપોર્ટનો બિઝનેશ ધરાવતા ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૦ માં રહેતા અને સરકારમાં અધિકારી તરીકે ફરજો બજાવતા ૩૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૧૩ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. મુંબઈ ખાતે સંરક્ષણ ક્ષેત્રે ફરજો બજાવતા ૪૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧૪ માંથી ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ત્રણ હજારને પાર કરી ગઈ છે. કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ ૨૫૦ થી વધુ થવા પામી છે.

ખૂણેખાંચરેથી

- રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા છેલ્લા છ દિવસથી સતત વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી રહી છે.
- જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની આજની બેઠક કોવિડ-૧૯ના સંક્રમણને પગલે રદ કરાઈ હતી.
- કોરોનાના કહેર વચ્ચે આજે મતદારયાદી સુધારણા ઝુંબેશનું અભિયાન યોજાશે.
- અમદાવાદમાં લદાયેલા કરફ્યુને પગલે આજે વિવિધ સરકારી કચેરીમાં ૪૫ થી ૫૦ ટકા સુધીની જ હાજરી જોવા મળી હતી.
- કુડાસણ ખાતે એક અલાયદુ ટેસ્ટ સેન્ટર શરૂ કરવામાં આવ્યુ છે જે આંતરે દિવસે કાર્યરત રહેશે.
- આઈ.ટી.આઈ. કોલેજો પણ નવા હુકમ ના થાય ત્યાં સુધી નહિ ખુલે તેવો નિર્ણય સરકારે કર્યો છે.
- જિલ્લામાં કોવિડના ટેસ્ટીંગનું પ્રમાણ વધારવામાં આવ્યુ છે હવે છેલ્લા સપ્તાહમાં રોજના ૨૦૦ થી વધુ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.
- રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આજે ૧૧ જેટલા નાયબ સેકશન અધિકારીઓને સેકશન અધિકારી તરીકેની બઢતી આપતા હુકમો કર્યા છે.
- સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડીક સર્જન ડૉ. બિમલ મોદીના પિતાશ્રી સુરેશભાઈ મોદીનું આજે કોરોનાથી દુઃખદ અવસાન થયુ છે. તેઓ ૩ દિવસ પહેલાં કોરોનાથી સંક્રમિત થયા હતા.
- શહેરના જાણીતા રેડીયોલોજીસ્ટ ડૉ. અસીમ શાહના પિતા શ્રી વિનોદભાઈ શાહનું મોડી રાત્રે નિધન થયું છે.

ગાંધીનગર જિલ્લાના પ્રસિદ્ધ ઐતિહાસિક મંદિર વૈજનાથ મહાદેવ (વાસણિયા મહાદેવ) ખાતે દિપાવલી પર્વની પરંપરાગત ઉજવણી અને ધ્વજારોહણ બેસતા વર્ષના દિવસે સવારે કરવામાં આવ્યુ હતુ. આ વખતે વાસણિયા મહાદેવ ખાતે કરવામાં આવેલ રોશનીએ ભક્તો અને ગ્રામજનોના આકર્ષણનું કેન્દ્ર બનેલ હતી.

ગાંધીનગર તાલુકામાં કોરોના વિસ્ફોટક બન્યો !

જિલ્લામાં ૩૦ નવા કેસમાંથી ૨૦ કેસ ગાંધીનગરમાં, કલોલમાં ૨ કેસ, દહેગામમાં ૧ કેસ તો માણસામાં ૭ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર તાલુકામાં કોરોનાની સ્થિતિ વધુને વધુ વિસ્ફોટ બની રહી છે. જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં જ આજે સૌથી વધુ ૨૦ કેસ નોંધાયા છે તે જિલ્લાના કોઈપણ તાલુકામાં એક જ દિવસમાં નોંધાયેલા સૌથી વધુ કેસ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૦ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં ટેસ્ટીંગનું પ્રમાણ વધારવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રો જણાવી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં હાલ રોજના એક હજાર જેટલા એન્ટીજન ટેસ્ટ અને ૨૦૦ જેટલા આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવતા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ હતુ.

જિલ્લામાં આજે નોંધાયેલા ૩૦ કેસમાં ૨૦ કેસ ગાંધીનગર તાલુકામાં, દહેગામમાં ૧, કલોલમાં ૨ અને ૭ કેસ માણસા તાલુકામાં નોંધાયા છે. આજે પણ મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે પણ ૧૦ જેટલી મહિલા દર્દીઓ તેમજ મોટી વયના લોકો સંક્રમિત થયેલા જોવા મળી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૦ જેટલા દર્દીઓ હાલ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. હોમ આઈસોલેશનમાં દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની કામગીરીના ભારણમાં પણ વધારો થયેલો જોવા મળ્યો છે. તંત્રના સૂત્રોનું માનીએ તો એસિમ્ટોમેટીક કેસો વધારે મળી રહ્યા છે.

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામેથી ૮૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આલમપુર મિલીટ્રી સ્ટેશનમાંથી ૨૯ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સાદરામાંથી ૨૯ વર્ષીય મહિલા કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વાવોલમાંથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. ૬૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગી, ૯૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગી અને ૫૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાંથી ૩૦ વર્ષીય ખાનગી નોકરી કરતા યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ભાઈજીપુરામાંથી ૪૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કુડાસણમાંથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. ૫૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગી, ૫૭ વર્ષીય ગૃહીણી, ૨૪ વર્ષીય ખાનગી નોકરી કરતો યુવક, ૫૨ વર્ષીય ગૃહીણી અને ૨૪ વર્ષીય ખાનગી નોકરી કરતી યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રાયસણ ગામેથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૩૯ વર્ષીય કર્મયોગી અને ૪૯ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઝુંડાલ ગામેથી પણ આજે બે કેસ મળી આવેલ છે. ૨૦ વર્ષીય વિદ્યાર્થી અને ૪૫ વર્ષીય સરકારી નોકરી કરતી મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સરગાસણમાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૪૦ વર્ષીય પુરૂષ, ૩૮ વર્ષીય ગૃહીણી તેમજ ૨૮ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

દહેગામ તાલુકાના ધારીસણા ગામેથી ૮૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે બે કેસ મળી આવેલ છે. આમજા ગામેથી ૬૯ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આરસોડિયા ગામેથી ૪૮ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા તાલુકામાંથી આજે સાત કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. ૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૩ કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

પરબતપુરા ગામેથી ૫૮ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

અજરાપુરા ગામેથી ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

પુંધરા ગામેથી બે કેસ મળી આવ્યા છે. ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આ ઉપરાંત ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસા અર્બન વિસ્તારમાંથી આજે ૩ કેસ મળ્યા છે. ૫૬ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. આ ઉપરાંત ૩૪ વર્ષીય ગૃહીણી અને ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજ સુધીમાં ૨૬૭૯ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં ૧૪૫ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં ૧૩,૭૩૭ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રખાયા છે.

સઈજ હત્યા કેસમાં બે આરોપી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૧

આજથી નવ દિવસ અગાઉ કલોલ સઈજ બ્રીજ પાસેથી અજાણ્યા યુવકનો ગળુ કાપી મોત નિપજાવેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ મૃતદેહ અંગે ખુનનો ગુનો પોલીસ મથકે નોંધાયો હતો. આ હત્યાનો ભેદ ઉકેલી નાંખી યુવકને મોતને ઘાટ ઉતારનાર બે આરોપીઓને એલસીબી પોલીસે દબોચી લીધા છે.

વિગત મુજબ કલોલ પાસેથી મળી આવેલા મૃતદેહને પગલે એલસીબીની ટીમ કાર્યરત થઈ હતી. વિવિધ દીશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. પ્રારંભિક તબક્કામાં મૃતદેહની ઓળખ માટે પ્રયત્નો કર્યા હતા. જેમાં પીએસઆઈ એ.જી. એનુરકાર, ડી.એસ.રાઓલ, પી.ડી.વાઘેલા, વી.કે.રાઠોડ, અલગ અલગ ટીમ બનાવી કામગીરી કરી રહ્યા હતા. તે સમયે હેડ કોન્સ્ટેબલ લતીફખાનને મૃતક અંગે માહિતી મળી હતી. પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા મૃતક વટવાનો આમિર ઈસરાર શેખ (રહે. બ્લોક નં.૩૧-૯૮૧ વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળીયા) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે પરિવારની પુછતાછ કરતા પાડોશમાં રહેતા બે સગા ભાઈઓ આશિફ ઉર્ફે ટાપો રૂસ્તમભાઈ શેખ અને તેનો ભાઈ નુરમહંમદ તેમજ તેમનો મિત્ર મહોમંદ આરીફ ઉર્ફે બાંગો રફીકભાઈ શેખ (રહે. બહેરામપુરા ચાર માળીયા દાણીલીમડા) શંકાસ્પદના

દાયરામાં આવ્યા હતા. કારણ કે મૃતક ૮ નવેમ્બરથી ગાયબ હતો તે સમયથી જ બે ભાઈઓ પણ ગાયબ રહ્યા હતા. એલસીબી પોલીસને બે ભાઈઓ ઘરે આવ્યા હોવાની બાતમી મળી હતી. જેને પગલે પોલીસે અમદાવાદ પહોંચીને નુરમહોમંદ અને મહોમદ આરીફને પકડી પાડ્યા હતા. જયારે અન્ય એક આરોપી હજુ પણ ભાગતો ફરે છે. મૃતક અને આરોપીઓ નજીકમાં રહેતા હોવાથી અવારનવાર પરિવારો વચ્ચે માથાકુટ થતી રહેતી હતી. જેથી પોલીસ કેસ પણ નોંધાયેલ છે. ત્યારે વારંવારની માથાકુટને પગલે કંટાળેલા બંન્ને ભાઈઓએ મિત્ર સાથે મળીને ગત તા.૮ નવેમ્બરના રોજ રીક્ષામાં બેસાડી કલોલ તરફ લાવ્યા હતા. જયાં તેને મારમારી ને ગળુ કાપી હત્યા કરી મૃતદેહ ફેંકી દીધો હતો. હત્યા કેસમાં મુખ્ય સુત્રધાર અને વોન્ટેડ આશીફ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જે લુંટ અને મારામારીના ગુનાની ટેવવાળો છે. જેને પગલે અગાઉ આશીફ પાસા હેઠળ જેલમાં જઈ આવ્યો છે. પરંતુ આશીફને પકડી પાડવા માટે પોલીસ તંત્ર એ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

કરફ્યૂ લાગતા કાલુપુર રેલવે સ્ટેશન પર સોશિયલ ડિસ્ટન્સ ભૂલાયું

અમદાવાદ,તા.૨૧

અમદાવાદમાં કર્ફ્યૂ લાગુ કરવામાં આવ્યું છે ત્યારે અમદાવાદમાં વાહનોના પૈડા થંભી ગયા છે. જેને લઈને મુસાફરોનો સૌથી મોટી હાલાકીનો સામનો કરવો પડ્યો છે. કાલુપુર રેલવે સ્ટેશન પર આવતા મુસાફરો અટવાયા હતા. જોકે, મુસાફરો માટે એએમટીએસ બસોની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. રેલવે મુસાફરો માટે ખાસ એએમટીએસની વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદ રેલવે સ્ટેશન પર પહોંચી રહેલા મુસાફરો આજે સવારથી જ પરેશાન થયા છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
ઈ-ટેન્ડર નિવિદા નં. ૧૩ સને ૨૦૨૦-૨૧.)
આઈ.ડી. નં. : ૪૩૫૮૪૭

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી એક્શન પ્લાન અંતર્ગત "જલ જીવન કાર્યક્રમ" (WSS-6-General-j.m. Coveraga-regional) હેઠળ કલોલ તાલુકાના એમ-૧ ભાગ-૨ પાણી પુરવઠા યોજનાના બાકી રહેતા પરા વિસ્તારના કામોના કામની અંદાજીત કિંમત રૂ.- ૩૩,૭૭,૧૪૯.૦૦ માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ઠેકેદાર બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તિર્ણ થવાનું રહેશે. કામની વિગત માટે વેબસાઈટ http:/gwssb.hprocure.com તથા www.gwssb.org તથા http:/www.statenders.com ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ :- ૦૪/૧૨/૨૦૨૦ અને આ ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતા સુધારા ઓનલાઈન મુકવામાં આવશે. કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા 'ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી. ડબલ્યું એસ.એસ. બોર્ડનો રહેશે.

માહિતી/૧૩૦૫/૨૦૨૧

જાહેર નિવિદા નં. ૬ (કેશ) સને ૨૦૨૦-૨૧

કાર્યપાલક ઈજનેરશ્રી (વ). મધ્યસ્થ આલેખન તંત્ર, ગાંધીનગર, બ્લોક નં. ૯, બીજો માળ

ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર, ફોન નં. ૦૭૯-૨૩૨-૫૩૪૮૬ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે અધિકારી/કર્મચારીના ઈ-ટીડીએસ અને જી.એસ.ટી.ની કામગીરીના વાર્ષિક ભાવો નક્કી કરવાની કામ કરતી પાન નંબર/જી.એસ.ટી. નંબર ધરાવતી સ્થાનિક બજારમાં કામ કરતી અનુભવી એજન્સીઓ પાસેથી સંબંધિત કામના રજી. પો. એ.ડી. દ્વારા સીલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. કોરા ભાવ પત્રકો રૂ. ૧૦૦/- ટેન્ડર ફી લઈ તા. ૦૫/૧૨/૨૦૨૦ સમય ૧૬.૦૦ કલાક સુધી જાહેર રજાના દિવસો સિવાય આપવામાં આવશે. ભરેલ ભાવપત્રકો તા. ૧૦/૧૨/૨૦૨૦ સમય ૧૮.૦૦ કલાક સુધી રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. ભાવપત્રક સાથે રૂ. ૧૦૦૦/બાનાની રકમ પેટે એફ.ડી.આર., ૧૮૦ દિવસની મુદતની અચૂક બીડવી અન્યથા બાનાની રકમ વગરનું ભાવપત્રક રદ ગણવામાં આવશે. આવેલ ભાવપત્રકો તા. ૧૧/૧૨/૨૦૨૦ના રોજ ૧૨.૦૦ કલાકે, હાજર રહેલ ઈસમોની હાજરીમાં (શક્ય હશે તો) ખોલવામાં આવશે. એક અથવા બધા ભાવપત્રકો સ્વીકારવા કે રદ કરવા તે હક્ક અત્રેની કચેરીને અબાધીત રહેશે. વધુ વિગતો માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવો.

માહિતી/૧૩૧૬/૨૦-૨૧ **કાર્યપાલક ઈજનેર(વ)**